eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 115
August 17, 2007

## અઠવા ઝોનની પાણીના ભરાવાના નિકાલની કામગીરી

સુરત શહેરમા પડેલ મુશળધાર વરસાદને કારણે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થતાં કેટલાક વિસ્તારોની અમુક શાળાઓનાં બાળકો/ભૂલકાઓ શાળાઓમાં જ ઘેરાઈ જવા પામેલ જેઓને તાકીદની મદદથી સલામતપણે સલામત સ્થળે ખસેડવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુલાઈ ૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૧૨૬૬૨ ઈન્ડોર તથા ૪૦૩૪૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૯૫ તથા ૬૭૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૭૮૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા .

વધુ માટે કલીક કરો >>>>>>

## "વિરાંજલી વન" મહોત્સવ અંતર્ગત લિંબાયત ઝોનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને ગૃહ વિભાગનાં પત્ર નં.૧૪૭૮૦ તા.૨૫/૦૭/૦૭ અને તા.૩૧/૦૭/૦૭ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીની વીડીયો કોન્ફરન્સમાં આવેલ સુચન અન્વયે સા.ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા ઝોન વિભાગનાં નીલગીરી/લિંબાયત વિસ્તારમાં આવેલ ગ્રીનબેલ્ટમાં "વિરાંજલી વન" અન્વયે વૃક્ષારોપણનો કાર્યક્રમ ગાર્ડન વિભાગનાં સહયોગથી રાખવામાં આવેલ હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## "વીરાંજલી" કાર્યક્રમ અંતર્ગત ન.પ્રા. શાળાના બાળકો દ્વારા ભાગળથી ચોક સુધી યોજવામાં આવેલ રેલી

આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે તેમજ ૯ મી ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ "હિન્દ છોડો" ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં તા.૦૯/૦૮/૦૭ ના રોજ "વીરાંજલી કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ભાગળથી ચોક સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન દ્વારા વસૂલ કરવામાં આવેલ ઈમ્પેકટ ફી

સેન્ટ્રલ ઝોન મહિધરપુરા વિસ્તારમાં આવેલ મિલ્કતોમાં થયેલ મંજુર પ્લાન વિરુધ્ધનાં બાંધકામને દૂર કરવાની કાર્યવાહી કમિશનરશ્રીનાં આદેશાનુસાર આસી.કમિશ્નર અને કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગનાં સ્ટાફે હાથ ધરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## "ઉમ્મીદ રોજગારલક્ષી કાર્યક્રમ" અંગે "રોડ શો" નાં સંદર્ભમાં યોજાયેલ રેલી



ગુજરાત સરકાર મહાનગર સેવાસદન (યુ.સી.ડી.) ગુજરાત સરકાર અને કેપ– ફાઉન્ડેશન દ્વારા "ઉમ્મીદ રોજગારલક્ષી કાર્યક્રમ" અંગે "રોડ શો" નાં સંદર્ભમાં રેલી તા.૦૯/૦૮/૦૭ નાં ગુરૂવારનાં રોજ સાંજે ૪ : ૦૦ કલાકે સિધ્ધાર્થનગર નગર પ્રાથમિક શાળા નં.૨૫૮ ભેસ્તાનથી બેનર, સૂત્રોચ્ચાર સાથે કાઢવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## તાપીમાં છોડવામાં આવેલ પાણી : ફલડ ગેટ બંધ કરાતા ઉપયોગમાં લેવાયેલ ડીવોટરીંગ પંપ

ઉકાઈ ડેમની જળ સપાટીમાં વધારો થતાં તાપી નદીમાં છોડવામાં આવતા પાણીના વહનને લીધે નોર્થઝોન (કતારગામ) ખાતે કોઈપણ વિસ્તારમાં પાણીનો ભરાવો થયેલ નથી.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનમા જહાંગીરપુરા વોર્ડ સાઈટ એન્ડ સર્વિસ આંગણવાડી ખાતે યોજાયેલ મેડીકલ કેમ્પ

કમિશ્નરશ્રીના આદેશ અનુસાર આજ તા.૧૦/૦૮/૦૭ના રોજ જહાંગીરપુરા વોર્ડ સાઈટ એન્ડ સર્વિસ આંગણવાડી ખાતે એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટી, શ્રીજીનગરી, ભધક કવાટર્સ, ગંગાનગર વિસ્તારના રહીશોએ લાભ લીધો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન આયોજીત વિવિધ સ્પર્ધા તેમજ વિજેતાઓની યાદી

સુરત મહાનગર સેવા સદન આયોજીત વર્ષાગીત સ્પર્ધા તા.૧૦.૮.૦૭ ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ અને ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે વેશભૂષા સ્પર્ધા ચં.ચી.મહેતા નાયટગૃહ(રંગઉપવન) ખાતે તા.૧૩.૮.૦૭ ના રોજ પ્રાથમિક વિભાગની સ્પર્ધા તથા તા. ૧૪.૮.૦૭ ના રોજ માધ્યમિક વિભાગની સ્પર્ધા યોજાઈ હતી.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી



સુરત મહાનગર સેવાસદન દ્વારા આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે અને ૦૯ મી ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ "હિન્દ છોડો" ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં શહેરમાં જુદા–જુદા સ્થળોએ 'વીરાંજલી વનમહોત્સવ' વૃક્ષારોપણ કાર્યક્રમ તા.૦૯/૦૮/૦૭ નાં રોજ સવારે ૯:૦૦ કલાકે રાખવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## અઠવા ઝોનની પાણીના ભરાવાના નિકાલની કામગીરી

સુરત શહેરમા પડેલ મુશળધાર વરસાદને કારણે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થતાં કેટલાક વિસ્તારોની અમુક શાળાઓનાં બાળકો/ભૂલકાઓ શાળાઓમાં જ ઘેરાઈ જવા પામેલ જેઓને તાકીદની મદદથી સલામતપણે સલામત સ્થળે ખસેડવામાં આવેલ. આજ તા.૦૮/૦૮/૦૭ નાં રોજ પણ સવારથી અવિરતપણે ભારે વરસાદ ચાલુ થતાં ભૂતકાળની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી અગમચેતીરૂપે શહેર તથા જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાકીદની મીટીંગમાં શહેરમાં થઈ રહેલ અવિરત ભારે વરસાદનાં કારણે પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ તાત્કાલિક બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ અને શહેરની તમામ શાળાઓ તથા સુરત મહાનગર સેવાસદનની નગર પ્રાથમિક શાળાઓ બંધ કરી દેવામાં આવેલ.

સુરત શહેર–જિલ્લા તેમજ ઉકાઈ બંધના ઉપરવાસમાં પડી રહેલ ભારે વરસાદને કારણે તાપી નદીમાં ઉકાઈમાંથી છોડતાં આશરે ૧,૫૦,૦૦૦ કયુસેકસ પાણીને કારણે તાપી નદીની સપાટીમાં વધારો થયેલ અને જે વીયર કમ કોઝવે ખાતે ૮.૬ મીટરના લેવલે સ્થિર થયેલ છે. જેને કારણે ભરીમાતા કોતર નં.–૭ પર આવેલ ફલડ ગેટમાંથી ભરીમાતા ખાડીના પાણીનો અંશતઃ નિકાલ થાય છે, જેને ઘ્યાને લઈ કોતર નં. ૭ ઉપર ડીવોટરીંગ પંપોની વ્યવસ્થા કરી પંપ દ્વારા બાકીનાં પાણીનો અવિરત નિકાલ કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. દરેક વરસાદી ગટરનાં તાપી નદી કિનારે આવેલ ફલડ ગેટ પર ડીવોટરીંગ પંપની વ્યવસ્થા કરવામાં આવેલ છે જ.

મુશળધાર વરસાદને કારણે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયેલ જે પૈકી વેસુ, ઉધના–મગદલ્લા રોડ, વીર નર્મદ યુનિવર્સીટીની આસપાસના કેટલાક વિસ્તારો સિવાયના વિસ્તારોમાંથી પાણીનો નિકાલ અસરકારક રીતે થઈ ગયેલ છે. આ વિસ્તારો મહદઅંશે હાલમાં જ સુરત મહાનગર સેવાસદનની હદમાં સમાવિષ્ટ કરેલ હોઈ ત્યાં વરસાદી ગટર યોજનાની માળખાકીય સુવિધા ઉપલબ્ધ નથી. આ અંગે સુરત મહાનગર સેવાસદન દ્વારા આ સમગ્ર વિસ્તારનાં આવરી લેતો વરસાદી ગટરનો માસ્ટર પ્લાન તૈયાર કરી ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. પરંતુ આ કામગીરીમાં સમય વ્યતિત થાય તેમ હોય આ વિસ્તારનાં પ્રજાજનોને હાડમારી તથા હાલાકીનાં તાત્કાલિક નિવારણ અંગે વરસાદી પાણીના નિકાલ માટે સુરત મહાનગર સેવાસદન દ્વારા મા.કમિશ્નરશ્રીની તાકીદની સુચના અનુસાર યુઘ્ધના ધોરણે એક પોકલેન્ડ મશીન, પાંચ જે.સી.બી. મશીન તથા ૧૦૦ માણસોની મદદથી ઈ.ચા. સીટી ઈજનેર શ્રી વી.ડી.પટેલ તથા ડે.કમિશ્નરશ્રી(સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાનાં સચોટ માર્ગદર્શન હેઠળ ૨૪ કલાકથી અવિરત કામગીરી હાથ ધરવામાં આવેલ. સોસાયટીઓનાં એપ્રોચ રોડ પર આવેલ કલ્વર્ટની સંપૂર્ણ સફાઈ, જરૂરીયાત મુજબનાં મોટા વ્યાસનાં–વધુ ક્ષમતાનાં પાઈપો નાખવાનાં તેમજ હયાત ખાડીને વધુ પહોળી તથા ઉંડી કરી તેની ક્ષમતા વધારવાની કામગીરી યુઘ્ધનાં ધોરણે હાથ ધરવામાં આવેલ છે.

જે પૈકી કરવામાં આવેલ અતિ મહત્વની કામગીરી નીચે મુજબ છે.

- પદમાવતી બંગલોઝ થી રાધિકા ટાવર થઈ લાન્સર આર્મી સ્કુલ સુધી ખાનગી મિલ્કતમાં તાકીદે પાઈપ લાઈન નાંખવામાં આવેલ તથા ખોદવામાં આવેલ ખુલ્લી ગટર દ્વારા પાણીનો નિકાલની અસરકારક વ્યવસ્થા કરવામાં આવેલ.
- લાન્સર આર્મી સ્કુલ પાસે હયાત વરસાદી ગટરનાં કેચપીટ સુધી ખોદાણ કરી ખુલ્લી ગટરમાં ફસાયેલ કચરો સાફ કરી, જયાં જયાં જરૂર જણાય ત્યાં હયાત ખુલ્લી ગટરની પહોળાઈ તથા ઉંડાઈ વધારવામાં આવેલ છે.
- ડુમ્મસ રીસોર્ટથી ખાટીવાલા સ્કુલ રૂંઢ સુધીની હયાત ખાડીને સાફ કરી વધુ પહોળી તથા ઉંડી કરીને તેની ક્ષમતા વધારી વરસાદી પાણીનો નિકાલ બનતી ત્વરાથી કરવામાં આવેલ છે.
- વેલેન્ટાઈન સિનેમાની આગળ ચેતુશા મોટર્સ પાસે સુરત ડુમ્મસ રોડ પર ૨૨૦૦ મી.મી. વ્યાસના પાઈપો નાંખવાનું તાકીદે આયોજન કરી પાઈપો મંગાવવામાં આવેલ છે. આ કામગીરી પણ યુઘ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.
- મહાનગર સેવા સદનનાં જુના વિસ્તારમાં આવેલ ભાગ્ય લક્ષ્મી સોસાયટી પાસેની હયાત વરસાદી ગટરમાં વધુ પાણીનાં નિકાલ અર્થે સારસ્વતનગર સોસાયટી પાસે ખુલ્લી ગટર ખોદી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત વિસ્તારમાં ભરાયેલ વરસાદી પાણીનાં નિકાલની કામગીરી પ્રગતિ હેઠળ હોય આ વરસાદી પાણીનો નિકાલ બને તેટલી ત્વરાથી કરવામાં આવેલ

TOP

## માહે જુલાઈ ૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૧૨૬૬૨ ઈન્ડોર તથા ૪૦૩૪૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૯૫ તથા ૬૭૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૫૭૮૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી ના નવા ૩૪૭ અને જુના ૫૪૧ દર્દીઓ સહીત કુલ ૮૮૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૩૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગના કુલ ૨૯૨ તથા આંખ વિભાગના કુલ ૧૦૪૮૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

TOP

## ''વિરાંજલી વન'' મહોત્સવ અંતર્ગત લિંબાયત ઝોનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને ગૃહ વિભાગનાં પત્ર નં.૧૪૭૮૦ તા.૨૫/૦૭/૦૭ અને તા.૩૧/૦૭/૦૭ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીની વીડીયો કોન્ફરન્સમાં આવેલ સુચન અન્વયે સા.ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા ઝોન વિભાગનાં નીલગીરી/લિંબાયત વિસ્તારમાં આવેલ ગ્રીનબેલ્ટમાં ''વિરાંજલી વન'' અન્વયે વૃક્ષારોપણનો કાર્યક્રમ ગાર્ડન વિભાગનાં સહયોગથી રાખવામાં આવેલ હતો. જેમાં ઝોન વિસ્તારમાં સદસ્યશ્રી ડો.વિનોદ પાટીલ, સંજય પાટીલ, તારાબેન પુનીયા, દયાશંકર સીગ અને કવિતા કેરમકોન્ડા, ડે.કમિ.શ્રી (હેલ્થ અને હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી તથા ઝોનનાં અધિકારીઓ/કર્મચારીઓ, સંજય નગર પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ/શિક્ષકો વિગેરેએ ''વિરાજંલી વન'' અન્વયે વૃક્ષારોપણનો કાર્યક્રમ નિમિત્તે સંકલ્પ પત્રનું વાંચન કર્યુ હતુ, ત્યાર બાદ શહીદોને પુષ્પાજંલી અર્પણ કરી આશરે ૧૦૦૦ રોપાનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું આ નિમિત્તે આજુબાજુનાં વિસ્તારનાં રહીશોએ હાજરી આપી સુરત મહાનગર સેવા સોદન તરફથી યોજાયેલ કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યુ હતું.

TOP

## ''વીરાંજલી'' કાર્યક્રમ અંતર્ગત ન.પ્રા. શાળાના બાળકો દ્વારા ભાગળથી ચોક સુધી યોજવામાં આવેલ રેલી

આઝાદીના ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૫૦ મી જયંતિની ઉજવણી નિમિત્તે તેમજ ૯ મી ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ શરૂ થયેલ ''હિન્દ છોડો'' ચળવળ દરમ્યાન શહીદ થયેલ વીરોની સ્મૃતિમાં તા.૦૯/૦૮/૦૭ ના રોજ ''વીરાંજલી કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ભાગળથી ચોક સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની પૂર્ણાહૂતિ ચોકબજાર ગાંધીજીની પ્રતિમા પાસે થઈ હતી. આ પ્રસંગે મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, ડે.મેયરશ્રી ડો.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશ્નર કુ.એસ.અપર્ણા તેમજ સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી છાયાબેન ભૂવા તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓએ દીપ પ્રગટાવી ક્રાંતિવીર શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

ત્યાર બાદ રાત્રે ૮.૦૦ કલાકે ચં.ચી.મહેતા (નાટયગૃહ) ખાતે વીરાંજલી વીરગાથા ગીત પર આધારિત આઝાદીને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની જુદી જુદી શાળાના બાળકોએ શહીદ ભગતસિંહ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, મંગલ પાંડે જેવા ક્રાંતિવીરોને લગતી કૃતિઓ તેમજ દેશભકિતના ગીતો રજુ કરી વીરાંજલી કાર્યક્રમને માણ્યો હતો.

TOP

## સેન્ટ્રલ ઝોન દ્વારા વસૂલ કરવામાં આવેલ ઈમ્પેકટ ફી

સેન્ટ્રલ ઝોન મહિધરપુરા વિસ્તારમાં આવેલ મિલ્કતોમાં થયેલ મંજુર પ્લાન વિરુધ્ધનાં બાંધકામને દૂર કરવાની કાર્યવાહી કમિશનરશ્રીનાં આદેશાનુસાર આસી.કમિશ્નર અને કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગનાં સ્ટાફે હાથ ધરી હતી.

જેમાં મિલ્કત નં.૬/૬૭૧ ની મિલ્કતમાં સર્વિસ ગલી તરફે થયેલ ગે.કા. બાંધકામ તથા ૬/૧૪૧૩ ની મિલ્કતમાં થયેલ વધારાનું ગે.કા. બાંધકામ તેમજ ૫/૮૩૧ વાળી મિલ્કતમાં કરવામાં આવેલ મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલી જયારે ૬/૧૪૭૫ વાળી મિલ્કતનાં માલિકોએ જાતે જ ગે.કા. બાંધકામ દૂર કશવાની કાર્યવાહી હાથ ધરેલ.

આ કામગીરીમાં મિલ્કતદારો પાસે કુલ રૂા.૨૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે. તેમજ રૂા.૧,૫૦,૦૦૦/– ડીપોઝીટ પેટે લેવામાં આવેલ છે.

વધુમાં (૧) વોર્ડ નં. ૧ નોંધ નં.૭૯૮ ના કબ્જેદારો પાસેથી રૂા.૨,૪૨,૮૮૦/– (૨) વોર્ડ નં. ૨ નોંધ નં.૨૯૫૦ ના કબ્જેદાર પાસેથી રૂા.૫,૦૦૦/–(૩) વોર્ડ નં. ૭ નોંધ નં.૨૭૯ અ–૧૪ ના કબ્જેદારો પાસેથી રૂા.૩૬,૭૦૨/– (૪) વોર્ડ નં. ૫ નોંધ નં.૮૫૮/બી ના કબ્જેદાર પાસેથી રૂા.૧૫,૦૦૦/– (૫) વોર્ડ નં. ૪/૩૭૮૭ ના કબ્જેદાર પાસેથી રૂા.૧૬,૬૦૦/– (૬) વોર્ડ નં. ૧૦/૨૦૬૦–બ–૨૦૬૧ ના કબ્જેદાર પાસેથી રૂા.૨૫,૦૦૦/– થઈ કુલ રૂા.૪,૪૦,૫૫૨/– ઈમ્પેકટ ફી પેટે વસુલ લેવામાં આવેલ છે.

TOP

# ''ઉમ્મીદ રોજગારલક્ષી કાર્યક્રમ'' અંગે ''રોડ શો'' નાં સંદર્ભમાં યોજાયેલ રેલી




ગુજરાત સરકાર મહાનગર સેવાસદન (યુ.સી.ડી.) ગુજરાત સરકાર અને કેપ–ફાઉન્ડેશન દ્વારા ''ઉમ્મીદ રોજગારલક્ષી કાર્યક્રમ'' અંગે ''રોડ શો'' નાં સંદર્ભમાં રેલી તા.૦૯/૦૮/૦૭ નાં ગુરૂવારનાં રોજ સાંજે ૪ : ૦૦ કલાકે સિધ્ધાર્થનગર નગર પ્રાથમિક શાળા નં.૨૫૮ ભેસ્તાનથી બેનર, સૂત્રોચ્ચાર સાથે કાઢવામાં આવી હતી. જેમાં સુરત મહાનગર સેવાસદનનાં અધિકારીઓ કેપ–ફાઉન્ડેશનનાં કાર્યકર્તાઓ તેમજ આંજણા મહિલા બસ્તી વિકાસ પરિષદ અને પ્રેમનગરની બહેનો જોડાયા હતા. આ રેલી સિધ્ધાર્થનગર નગર પ્રાથમિક શાળા નં. ૨૫૮ માં સભામાં ફેરવાઈ ગઈ હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સ્થાનિક કોર્પોરેટરશ્રી કિશોરભાઈ નાથુભાઈ વાઘેલાએ દીપ પ્રગટાવી ''ઉમ્મીદ યોજનાની'' માહિતી આપતા જણાવ્યું હતું કે ''ઉમ્મીદ યોજના'' દ્વારા ૧૮ થી ૩૦ વર્ષનાં યુવક–યુવતીને તાલીમ મેળવી પોતે વધારે કમાઈ શકે તે માટે એ સારામાં સારી યોજના છે. જેમાં આ વિસ્તારના લોકો બેરોજગાર છે. આ બેરોજગારોની સમસ્યા દુર કરવા સરકારશ્રીએ ''ઉમ્મીદ પ્રોજેકટ'' હાથ ધર્યો છે. જેમાં ધંધા રોજગારને માંગને અનુરૂપ કુશળતા ધરાવતાં તાલીમાર્થીઓ તૈયાર થશે.

યુ.સી.ડી. નાં ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશભાઈ વ્યાસે ''ઉમ્મીદ યોજનાની'' સફળતા માટે જણાવ્યું હતું કે આજનાં યુગમાં અંગ્રેજી અને કોમ્પ્યુટરની ખાસ જરૂરીયાત છે. કોમ્પ્યુટર અને અંગ્રેજીની તાલિમ આવનારા સમય માટે ખૂબ જ જરૂરી છે. જે આ તાલીમ વર્ગમાં પૂરી પાડવામાં આવશે.

ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રીમતી રક્ષાબેન પરમારે ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે બધા ક્ષેત્રોમાં બહેનો હરણફાળ ભરે છે. ''ઉમ્મીદ પ્રોજેકટ'' વધારેમાં વધારે બહેનો તાલિમ લઈ ''ઉમ્મીદ પ્રોજેકટને'' સફળ બનાવવા માટે શુભેચ્છા પાઠવી.

''ઉમ્મીદ પ્રોજેકટનાં'' કોઓર્ડીનેટરશ્રી અઝહરભાઈ શેખે જણાવ્યું કે રોજગારીલક્ષી તાલિમ કાર્યક્રમથી સરકારશ્રીનાં અભિયાન દ્વારા યુવક–યુવતીઓને રોજગાર મળી રહેશે અને આર્થિક રીતે પગભર બની શકશે. ''ઉમ્મીદ રોજગાર'' તાલિમ કાર્યક્રમની વિગતની રૂપરેખા આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા યુ.સી.ડી.નાં કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરશ્રી વી.સી.પરમાર, શ્રી રણછોડભાઈ પટેલ અને શ્રી એન.ડી.ડાભી ''ઉમ્મીદ પ્રોજેકટનાં'' કાર્યકર્તા તેમજ સ્થાનિક લીડર શ્રી રાજપૂત અને દમયંતિ બહેન રાજપૂત ન.પ્રા.શાળાનાં આચાર્યશ્રી અજયભાઈએ અગત્યની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન આર.સી.પટેલે અને અભારવિધિ શ્રી વી.સી.પરમારે કરી હતી.

TOP

## તાપીમાં છોડવામાં આવેલ પાણી : ફલડ ગેટ બંધ કરાતા ઉપયોગમાં લેવાયેલ ડીવોટરીંગ પંપ

ઉકાઈ ડેમની જળ સપાટીમાં વધારો થતાં તાપી નદીમાં છોડવામાં આવતા પાણીના વહનને લીધે નોર્થઝોન (કતારગામ) ખાતે કોઈપણ વિસ્તારમાં પાણીનો ભરાવો થયેલ નથી. પરંતુ નારાયણનગર ખાડીના કારણે શ્રી રામનગર ચાર રસ્તા ઝુંપડપટ્ટી પાસે રસ્તાની સુપડી પર એક ફુટ પાણીનો ભરવો થયેલ છે.

વધુમાં તાપી નદીમાં આવેલ પાણીના કારણે ફલડ ગેટો બંધ કરવામાં આવેલ છે જેને કારણે સ્ટ્રોર્મના પાણીના નિકાલ માટે કોતર નં.૭ ખાતે –૦૭ પંપ, કોઝવે ખાતે–૦૬ પંપ, તથા છાપરાભાઠા – ૦૩, એમએલડી પંપીગ સ્ટેશન ખાતે – ૦૮ ડીવોટરીંગ પંપો હાલ કાર્યરત છે.

TOP

# રાંદેર ઝોનમા જહાંગીરપુરા વોર્ડ સાઈટ એન્ડ સર્વિસ આંગણવાડી ખાતે યોજાયેલ મેડીકલ કેમ્પ

કમિશ્નરશ્રીના આદેશ અનુસાર આજ તા.૧૦/૦૮/૦૭ના રોજ જહાંગીરપુરા વોર્ડ સાઈટ એન્ડ સર્વિસ આંગણવાડી ખાતે એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સાઈટ એન્ડ સર્વિસ ઝુંપડપટ્ટી, શ્રીજીનગરી, ભધક કવાટર્સ, ગંગાનગર વિસ્તારના રહીશોએ લાભ લીધો હતો. આ વિસ્તારમાં ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો ન ફેલાય તેમજ જાહેર આરોગ્યની પરિસ્થિતી જળવાય તે હેતુથી આ વિસ્તારમાં લોકોને પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગોથી બચવા માટે આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઝોનલ ચીફશ્રી અમે.ડી.દારૂવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી, આસી.આરોગ્ય અધિકારીશ્રી એ.પી.ભટ્ટ, મેડીકલ ઓફિસરશ્રી પી.કે.લાપસીવાલા, શ્રી ડો.શાંતિલાલ પટેલે હાજરી આપી હતી. વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીઓએ મેલેરિયા, ડેગ્યું, ચિકનગુનિયા જેવા રોગોથી બચવા માટેનું આરોગ્ય શિક્ષણ આપ્યું હતું. ટી.બી.નિયંત્રણ વિભાગ દ્વારા દર્દીઓને ટી.બી.વિશે જાણકારી અને મહાનગર સેવાસદનની સેવાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું. ફેમીલી પ્લાનીંગ વિભાગ દ્વારા કુટુંબં નિયોજનની પધ્ધતિઓ બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન કુલ ૧૮૪ દર્દીઓએ સારવાર લીધી હતી. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ૦૯ વ્યકિતઓને માર્ગદર્શન આપેલ. નિરોધ ૧૩૫, રસીકરણનો ૫૩ બાળકોએ લાભ લીધો હતો. ૮૮ દર્દીઓને સ્લાઈડ લઈ મેલેરીયાની સારવાર આપવામાં આવી હતી. કલોરીન ટેબલેટનું ૧૦૦૦ ગોળીનું વિતરણ કરવામાં આવેલ.

TOP

## સુરત મહાનગર સેવા સદન આયોજીત વિવિધ સ્પર્ધા તેમજ વિજેતાઓની યાદી



સુરત મહાનગર સેવા સદન આયોજીત વર્ષાગીત સ્પર્ધા તા.૧૦.૮.૦૭ ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ અને ભારતના રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે વેશભૂષા સ્પર્ધા ચં.ચી.મહેતા નાયટગૃહ(રંગઉપવન) ખાતે તા.૧૩.૮.૦૭ ના રોજ પ્રાથમિક વિભાગની સ્પર્ધા તથા તા. ૧૪.૮.૦૭ ના રોજ માધ્યમિક વિભાગની સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાની શરૂઆત સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ તથા મ્યુ.કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધાઓની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષાગીત સ્પર્ધામાં પ્રાથમિક તથા માધ્યમિક વિભાગ મળી કુલ–૧૦૦ જેટલી શાળાઓએ અને વેશભૂષા સ્પર્ધામાં ૧૭૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, સાંસ્કૃતિક સમિતિના સભ્યોશ્રીઓ તથા મ્યુ.કોર્પોરેટરશ્રીઓ દ્વારા ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.વર્ષાગીત તથા વેશભૂષા સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ છે.

### વર્ષાગીત સ્પર્ધા

| વિજેતા | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | પી.પી.સવાણી વિદ્યાભવન, હીરાબાગ | રૂ.સી.મા. પુણાવાલા સાર્વજનિક સ્કૂલ |
| દ્વિતીય | (૧) શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાભવન<br>(૨) લોકભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) | (૧) શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાભવન<br>(૨) લોકભારતી વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) |
| તૃતીય | ડી એન્ડ પી.એ.શાહ લોકભારતી | (૧) શ્રીમતી ક.લ.શ.ખાંડવાલા સાર્વ.હાઈ. ફોર ગર્લ્સ<br>(૨) અંબાબા હરિપરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કૂલ |
| આશ્વાસન | (૧) રાયન ઈન્ટરનેશનલ સ્કૂલ<br>(૨) અર્ચના વિદ્યાભવન<br>(૩) પી.બી.દેસાઈ પ્રા.શાળા<br>(૪) બી.એન ગોધાણી કન્યા વિદ્યાલય<br>(૫) મહિધરપુરા અર્બન પ્રા.શાળા | (૧) પી.પી.સવાણી વિદ્યાભવન<br>(૨) શારદાયતન શાળા (ગુજરાતી માધ્યમ) |

### વેશભૂષા સ્પર્ધા – પ્રાથમિક વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | (૧)ભટ્ટ નિશાંત રાકેશભાઈ | ડી. આર. રાણા સ્કૂલ |
| દ્વિતીય વિજેતા | (૧)પટેલ રૂચિર ગિરીશચંદ્ર | જે. એચ. અંબાણી સરસ્વતી વિદ્યામંદિર |
| | (૨) ખંભાતી ખુશ્બુ કિશોરભાઈ | ન. પ્રા. શાળા ક્રમાંક– ૨૮ |
| તૃતીય વિજેતા | (૧)પટેલ અંજલી અનંતકુમાર | શ્રી ભ.લ. જરીવાલા પ્રા.શાળા |
| | (૨) ત્રિવેદી વત્સલ કિરીટભાઈ | સંસ્કાર ભારતી સ્કૂલ |
| આશ્વાસન | (૧)પારેખ જિતાલી ચેતનભાઈ | વનિતાવિશ્રામ |
| | (૨)નાયી હિરેન રજનીકાંત | ન. પ્રા. શાળા નં– ૪૨ |
| | (૩)નરોડીયા પાર્થ સંજયકુમાર | પી. પી. સવાણી |
| | (૪)મન્સૂરી સુરૈયા આરીફભાઈ | મહીધરપરા અર્બન સ્કૂલ |
| | (૫)ભૂમિકા મોંઘાભાઈ બારીઆ | ન. પ્રા. શાળા નં– ૯૩ |
| | (૬)મોનલ રામકૃષ્ણ બાગુલ | ન. પ્રા. શાળા નં– ૯૬ |
| | (૭)પટેલ દક્ષ કમલેશભાઈ | ડી. આર. રાણા |
| | (૮) દીવ્ય માધવલાલ અણઘણ | સવિતા હિંમતભાઈ લોખંડવાલા પ્રા. શાળા |

### માધ્યમિક વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | ભટ્ટ ખુશ્બુ મુકેશભાઈ | પી.પી.સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય વિજેતા | શાહ સુપલ પરેશભાઈ | ધી પંચશીલ માર્ક. કો.ઓ.બેન્ક મા.શાળા |
| | સોએલ ઉસ્માન પટેલ | સુમન હાઈસ્કૂલ નં.૪ |
| તૃતીય વિજેતા | સનમ સુધીર કાપડીયા | શ્રી આર.ડી.ઘાએલ જીવનભારતી મા.શાળા |
| આશ્વાસન | અમલા સલીમ સમેદ મહમદ તલ્હા | એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલ |
| | ચૌહાણ કરિશ્મા કિશોરભાઈ | અંબાબા હરિપરા ગર્લ્સ ઈંગ્લીસ હાઈસ્કૂલ |
| | રીકીતા રાજેન્દ્રકુમાર પ્રિસોળકર | શ્રીમતી આઈ.એન. ટેકરાવાળા સ્કૂલ |

સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પાર્ટીસીપન્ટ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. વર્ષાગીત સ્પર્ધાના નિર્ણાયક તરીકે સર્વશ્રી મોહનભાઈ પટેલ, શ્વેતાબેન શાહ, નૂપુરબેન ભાર્ગવ, સુનીલભાઈ રેવર, નિકેશભાઈ સંઘવી તથા વેશભૂષા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સર્વશ્રી રીટાબેન પોપાવાલા, કશ્યપભાઈ જોશી, સલિલભાઈ ઉપાધ્યાય, કિશોરભાઈ પટેલ તથા ડિમ્પલ લોટવાળાએ સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગર સેવાસદન દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી



ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫.૦૮.૨૦૦૭ ને બુધવાર ના રોજ સવારે ૯.૦૦ કલાકે, કતારગામ કાંસાનગર તળાવ ગ્રાઉન્ડ ખાતે મા.મેયર ડૉ. કનુભાઈ માવાણીના વરદહસ્તે ધ્વજવંદન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ફાયર તથા સીકયુરીટીના જવાનો દ્વારા માર્ચ પાસ્ટની સલામી ઝીલી હતી. ધ્વજવંદન પ્રસંગે મા. મેયરશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે દેશની આઝાદીની રક્ષા માટે દેશના નાગરિકોએ કટિબધ્ધ થવાની જરૂર છે તેમજ દેશમાં નૈતિકતા જળવાય તે માટે પ્રમાણિકતા તથા મૂલ્ય નિષ્ઠા પર ખાસ ભાર મૂકી આજના નવયુવાનોને આઝાદીનું જતન કરવા માટે હાકલ કરી હતી. ત્યારબાદ મેયરશ્રીએ શાંતિના પ્રતીક એવા કબૂતરને આકાશમાં વિહરતા કર્યા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ત્રિરંગા બલૂન આકાશમાં છોડવામાં આવ્યા હતા.



આ પ્રસંગે વિશિષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓ પૈકીના ડ્રેનેજ ખાતાના આસી. ઈજનેરશ્રી મંયક. પી. મીઠાઈવાળાને રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર તથા શ્રી જગદીશ પટેલ–સબ ફાયર ઓફિસરની ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી બદલ પ્રમાણપત્ર અને ટ્રોફી અર્પણ કરી હતી. માર્ચ–૨૦૦૭માં લેવાયેલ ધો.૧૦ અને ધો. ૧૨ની પરીક્ષામાં સુરત શહેરમાં પ્રથમ ૧૦માં સ્થાન મેળવેલ કુલ–૪૨ વિદ્યાર્થીઓને તથા સુમન હાઈસ્કૂલના–૧૫ વિદ્યાર્થીઓને ટ્રોફી તથા મહાનગર સેવા સદનના કર્મચારીઓના બાળકો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિધ્ધીઓ બદલ–૫ વિદ્યાથીઓને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.



ત્યારબાદ અક્ષર જયોતિ વિદ્યાલય, સરસ્વતી વિદ્યાલય, ગજેરા વિદ્યાલય, પ્રેસીડન્સી સ્કૂલ, સંસ્કારભારતી વિદ્યાલય, વી. એન. ગોધાણી શાળાના બાળકોએ દેશભકિત ગીતો પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સુમન હાઈસ્કૂલ નં–૧ અને ૩ના વિદ્યાર્થીઓએ રાસ અને ગરબો રજૂ કરી વિશાળ જનમેદનીના મનમોહી લીધા હતા.

રાત્રે ૭.૩૦ કલાકે કાંસાનગર તળાવ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તથા કતારગામ ઝોનની વિવિધ મિલકતો, ટ્રાફિક આઈલેન્ડ વગેરેને પણ રંગબેરંગી રોશની તથા તોરણોથી સજાવવામાં આવ્યા હતા. જેનો શહેરીજનો અને ખાસ કરીને કતારગામ વિસ્તારની જનતાએ લ્હાવો લીધો હતો.

ધ્વજવંદન પ્રસંગે મા.મેયર ડો.કનુભાઈ માવાણી ઉપરાંત ડે.મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગિલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ. કમિશ્નર કુ. એસ. અપર્ણા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, બાળકો, પ્રજાજનો મોટી સંખ્યામાં હાજર રહી સ્વાતંત્ર્યદિનની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

TOP